# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૩૦ તા. ૨૦-૦૩-૨૦૨૦**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ફિક્સ પગારના કર્મચારીઓને રજાનો લાભ આપવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૦/૫૪૮-૧૬૦૩ તા.૧૩-૦૩-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજય સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/ ૫૭ (પાર્ટ-૨૧)/ઝ-૧/તા.૦૧-૦૧-૨૦૧૬ અન્વયે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયકોને ખાસ રજાઓનો લાભ આપવા તા.૧૦-૦૫-૨૦૧૯ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી જે દરખાસ્તનો શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક પીઆરઈ/૧૧૨૦૧૯/પ્રાશિનિ-૨૬૭/ક તા.૨૭-૧૨-૨૦૧૯ ના પત્રથી અસ્વીકાર કરવામાં આવતા ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૧૩૭૬૩/૨૦૨૦/૧૧૬૨-૧૨૧૪ તા.૦૨-૦૩-૨૦૨૦ થી આવી રજાઓ મંજૂર કરવામાં આવેલ હોય તો તેવી રજાઓ રદ કરી તેટલા દિવસની કપાત પગારી રજા ગણી રીકવરી કરવા સૂચના આપવામાં આવેલ હતી. ખાસ રજાઓ (સ્પેશીયલ લીવ) મંજૂર કરવા બાબત હાલ સરકારશ્રી કક્ષાએ વિચારાધીન હોય હાલ રીકવરી ન કરવા જણાવવામાં આવે છે. જેની નોંધ લેશો અને તે મુજબ અમલ કરશો.

તા.૨૦-૦૩-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**પરિપત્ર નં. ૧૩૦-A તા. ૨૦-૦૩-૨૦૨૦**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- **નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯ (COVID-19) અન્વયે રોગ અટકાયતી પગલાં લેવા બાબત.**

**સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૧૯૨૬-૨૦૧૪ તા.૨૦-૦૩-૨૦૨૦**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે **નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯ (COVID19)** અન્વયે રોગ અટકાયતી પગલાં લેવા બાબતે માન.કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ), ગાંધીનગર દ્વારા શાળાના બાળકો માટે હેલ્થ એડવાઈઝરી આ સાથે સામેલ છે. સંદર્ભિત પત્રનો ચિવટપૂર્વક અભ્યાસ કરી હેલ્થ એડવાઈઝરીનો ચૂસ્ત પણે અમલ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : **સંદર્ભિત પત્ર**

તા.૨૦-૦૩-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૧૯૨૬-૨૦૨૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ~~૧૯~~ ૨૦/03/૨૦૨૦

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- નોવેલ કોરોના વાયરસ- ૨૦૧૯ (COVID-19) અન્વયે રોગ અટકાયતી પગલાં લેવા બાબત.
**સંદર્ભઃ**- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.) ગાંધીનગરનો પત્ર
ક્રમાંકઃ- ઇપીસી-૨૧/કોરોના વાયરસ/સૂચનાઓ/બાબત/૪૧૫૩-૪૨૯૩
તા. ૧૨/03/૨૦૨૦

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, નોવેલ કોરોના વાયરસ- ૨૦૧૯ (COVID-19) અન્વયે રોગ અટકાયતી પગલાં લેવા બાબતે કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.) ગાંધીનગર દ્વારા શાળાના બાળકો માટે હેલ્થ એડવાઇઝરી મોકલી આપેલ છે. જે આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. સંદર્ભિત પત્રને ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં આ અંગે જાણ કરવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**
-કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.) બ્લોક નં.૫,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, (પ્રા. અને મા.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned with CamScanner

તાત્કાલિક/અગત્યનું

2020

સત્યમેવ જયતે


જયપ્રકાશ શિવહરે (IAS)
કમિશ્નર (આરોગ્ય)


નં.ઇપીડી-૨૧/કોરોના વાયરસ/સૂચનાઓ/બાબત/૭૪૪૩-૭૪૮૩/ /બ.૨૦
કમિશ્નરશ્રી,આરોગ્ય,તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ.)બ્લોક નં. ૫,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા. ૧૮.03.૨૦૨૦

**વિષય:–** નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯ (COVID-19) અન્વયે રોગ અટકાયતી પગલાં લેવા બાબત.

Dear Sir,

આપ સુવિદિત છો તેમ હાલ વિશ્વમાં ચીન સહિત ૧૦૦ થી વધુ દેશોમાં નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯(COVID-19) ના ૧,૦૦,૦૦૦ થી વધુ કેસ અને ૪,૦૦૦ થી વધુ મરણ નોંધાયેલ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ રોગને વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ આ રોગના કુલ- ૬૦ કેસ નોંધાવા પામેલ છે. ગુજરાતમાં આ રોગનો એક પણ કન્ફર્મ કેસ નોંધાયેલ નથી. આ રોગના લક્ષણોમાં ભારે તાવ, કફ, શરદી, શ્વાસ લેવામાં તકલીફ વગેરે જોવા મળે છે. આ લક્ષણો રેસ્પીરેટરી ઇન્ફેક્શનને મળતાં હોઈ આ રોગનો ફેલાવો ઝડપથી થાય છે.

આ રોગ અટકાવવા માટે આરોગ્ય વિભાગ તરફથી વિદેશમાંથી આવતાં તમામ પ્રવાસીઓનું મોનીટરીંગ કરવામાં આવે છે. જીલ્લા કોર્પોરેશનની તમામ હોસ્પિટલોમાં આ રોગની સારવાર માટે આઇસોલેશન વોર્ડની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. વધુમાં લોકોને સાચી માહિતી મળી રહે તે માટે ૧૦૪ હેલ્પલાઇન અને ૨૪ x ૭ કન્ટ્રોલ રૂમ શરૂ કરેલ છે.

Seen IED

આ તબક્કે શાળાના વિદ્યાર્થીઓને રોગ બાબતે સાચી જાણકારી મળી રહે અને તેમના થકી સમાજમાં સાચો સંદેશો ફેલાય તે માટે વિદ્યાર્થીઓ માટેની એડવાઇઝરી મોકલી આપવામાં આવે છે. જે તમામ શાળાઓમાં બહોળા પ્રચાર અર્થે મોકલી આપવા વિનંતી છે.

JS(VVS)

With warm regards,

(જયપ્રકાશ શિવહરે)

PS
17 MAR 20
૧૫૩૩૩૮

**પ્રતિ,**
ડૉ. વિનોદ આર.રાવ(IAS)
સચિવશ્રી,
પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ

સંકલન
૨૦/૩/૨૦
16/3
૧૫૧૭/૫.૬
17/03/20

**નકલ સવિનય રવાના:-**

- અંગત સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી,માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. આરોગ્યમંત્રીશ્રી, (રા.ક) સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર.

**નકલ જય ભારત સહ રવાના :-**

- મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા તમામ.....
- કલેકટરશ્રી, જીલ્લા સેવાસદન તમામ.....
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, તમામ.....

**નકલ રવાના:-**

- અધિક નિયામકશ્રી, આરોગ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં.૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત તમામ.....

ક્રમાંક: પરચ-૧૩૨૦૨૦/ ૧૫૨ /વ.ર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૭ /૦૩ /૨૦૨૦

**નકલ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ રવાના**

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી.,બ્લોક નં-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર.
(૩) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર.
(૪) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, બ્લોક નં ૨, કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૫) નિયામકશ્રી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેકટર નં ૧૨ ગાંધીનગર

આપનો વિશ્વાસુ
(પી.ડી.પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

19 MAR 2020

Scanned with CamScanner

## શાળાના બાળકો માટે હેલ્થ એડવાઈઝરી

- શાળાના વિદ્યાર્થીઓને કોરોના વાયરસ રોગથી બચવા માટે શું કરવું? અને શું ન કરવું? તે બાબતે આરોગ્ય વિભાગના સંકલનમાં રહી માહિતી પૂરી પાડવી.
    - સાબુથી વારંવાર હાથ ધોવા.
    - નમસ્તેની મુદ્રામાં અભિવાદન કરવું.
    - ગમે ત્યાં થુકવું નહિ.
    - કફ-એટીકેટ (છીંક કે ઉધરસ ખાતી વખતે મો-નાક આગળ રૂમાલ રાખો)
    - અંગત સ્વચ્છતા અંગે આરોગ્ય શિક્ષણ આપવું.
- તંદુરસ્ત વિદ્યાર્થીઓએ માસ્ક પહેરવાની કોઈ જરૂર નથી.
- જે વિદ્યાર્થીને શરદી-ખાંસી જેવા લક્ષણો હોય તેવા વિદ્યાર્થીઓએ શાળાએ ન આવતા ડૉકટરની સલાહ મુજબ સારવાર લેવી તેમજ ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું. આવા વિદ્યાર્થીઓએ અન્ય સ્વસ્થ વિદ્યાર્થીઓથી ઓછામાં ઓછું ૧ મીટરનું અંતર રાખવું જોઇએ તથા તેઓ માસ્ક પહેરે તો કોઈ બાધ્ય નથી.
- ''કોરોના વાયરસ રોગથી ગભરાવાની જરૂર નથી, સાવચેતીના પગલાં અને સમજદારીથી આ રોગથી બચી શકાય છે.'' આ પ્રકારનો મેસેજ તમામ વિદ્યાર્થીઓ થકી સમાજમાં મળી રહે તે મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

Scanned with CamScanner